Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :22• Date : 19-09-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### યુનિવર્સિટીના કુલપતિને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે

## સૌરાષ્ટ્ર યુનિ. સહિત રાજ્યની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ FRCની સ્થાપના કરશે

### ખાનગી યુનિવર્સિટીઓ પર સરકારનું કોઈ નિયંત્રણ નથી અને તેમને ખુલ્લેઆમ લૂંટ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે




અમદાવાદ

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારમાં ખાનગી શાળાઓ સામે ફી નિયમન સમિતિ **(FRC)**ની રચના કરવામાં આવી હતી અને ફી નિયમન માટે કાયદો અમલમાં મૂકવામાં આવ્યો હતો. જોકે, **FRC**નો નિયમ મુજબ બરાબર અમલ થતો ન હોવા છતાં હવે ભૂપેન્દ્ર પટેલની વર્તમાન સરકારે ગુજરાતમાં **FRC** બનાવવાની જાહેરાત કરી છે. જો કે, મહત્વની વાત એ છે કે તમામ ખાનગી કોલેજો ખૂબ ઊંચી ફી વસૂલતી નથી, પરંતુ તેમ છતાં એફઆરસીના આગમનથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. પરંતુ ઘણીવાર એવું ચિત્ર ઊભું થતું રહે છે કે દરેક કોર્સ માટે ખુલ્લી લૂંટ ચલાવતી ખાનગી યુનિવર્સિટીઓ પર સરકારનું કોઈ નિયંત્રણ નથી અને તેમને ખુલ્લેઆમ લૂંટ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ગુજરાત સરકારના નવા કાયદા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિત રાજયની ૧૧ સરકારી યુનિવર્સિટીઓ હ્વઈઝની સ્થાપના કરશે. શાળાઓ જેવી જ ફી નિયમન સમિતિઓ. જેમાં **BA, B.Com, B.Sc, BBA, BCA** સહિતના એન્જિનિયરિંગ અને મેડિકલના નોન-ટેક્નિકલ કોર્સની ફી યુનિવર્સિટી કક્ષાએ કુલપતિની અધ્યક્ષતામાં બનેલી કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે. સામાન્ય રીતે, શાળાઓ અને રાજ્ય સ્તરે ફી નિયમન માટે રચાયેલી સમિતિની અધ્યક્ષતા નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા કરવામાં આવે છે. જ્યારે યુનિવર્સિટી કક્ષાએ ચાલતા અભ્યાસક્રમો માટે નિયત કરાયેલ **FRC**માં યુનિવર્સિટીના કુલપતિને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે.

સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નિવૃત્ત જજ સભ્ય હશે. આ ઉપરાંત યુનિવર્સિટીના જનરલ સેક્રેટરી સભ્ય હશે તો નાણા અને હિસાબી અધિકારી સભ્ય સચિવ રહેશે. જોકે, આ સમિતિ ખાનગી યુનિવર્સિટીઓમાં ચાલી રહેલી ખુલ્લેઆમ લૂંટને રોકી શકતી નથી. આ પહેલા પણ રાજ્ય સરકાર દ્વારા અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક સ્તરે પ્રવેશ માટે **GCAS** (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ પર વિદ્યાર્થીઓની નોંધણી ફરજિયાત કરવામાં આવી હતી. નવો એફઆરસી કાયદો હવે કાયદામાં ખાનગી કોલેજોમાં વસૂલવામાં આવતી ફીનું નિયમન કરશે, જ્યારે કે જેમણે એડમિશન મોડું શરૂ કર્યું હતું અને ખાનગી યુનિવર્સિટીઓએ તેમના એડમિશન અગાઉ ખોલ્યા હોવાથી તેમને ઘણો ફાયદો થયો હતો. પરંતુ ખાનગી યુનિવર્સિટીઓમાં વસૂલવામાં આવતી અતિશય ફી પર કોઈ રોક લાગશે નહીં.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ખાનગી કોલેજના પ્રમુખ ડો.નેહલ શુક્લાએ જણાવ્યું હતું કે, રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે સ્થાનિક સ્તરે એફઆરસીનું સૂચન કરવામાં આવ્યું છે. જેમાં યુનિવર્સિટીના કુલપતિને પ્રમુખ તરીકે રાખવાની જોગવાઈ છે. જ્યારે હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, ભૂતપૂર્વ ચાન્સેલર, રાષ્ટ્રીય અથવા જાહેર ક્ષેત્રની બેંકના નિવૃત્ત જનરલ મેનેજર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેમજ યુનિવર્સિટીના જનરલ સેક્રેટરીને સભ્યો તરીકે નિયુક્ત કરવાની જોગવાઈ છે.

તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓ અને કોલેજો માટે **FRC** સારી બાબત છે. કાઉન્સિલની જેમાં એન્જિનિયરિંગ, મેડિકલ, પેરા મેડિકલ, લો અને બી.એડ સહિતના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. ફી રેગ્યુલેશન કમિટી રાજ્ય કક્ષાએ છે અને ફી નક્કી કરવા માટે સ્કૂલોમાં પણ ફી રેગ્યુલેશન કમિટી હોય છે. પરંતુ તેના અધ્યક્ષ નિવૃત્ત ન્યાયાધીશ છે. જ્યારે તેઓ યુનિવર્સિટીના એક્ટમાં સભ્ય છે. કુલપતિ પોતે આ કમિટીના ચેરમેન હોવાથી જો કોઈ કોલેજ વધુ ફી નક્કી કરશે તો તેને વિદ્યાર્થીઓ અને વાલીઓના રોષનો સામનો કરવો પડશે અને જો ઓછી ફી નક્કી થશે તો તેની સીધી જવાબદારી કોલેજના કુલપતિની રહેશે. આ એકાઉન્ટન્ટનો વિષય હોવાથી કુલપતિએ તેને ઉંડાણપૂર્વક સમજવો પડશે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેટલીક કોલેજો શરતો વગર ચાલી રહી છે અને વધુ ફી વસૂલતી હોય છે ત્યારે તેની શું અસર થાય છે, તો તેમણે કહ્યું કે, ફી નિયમન સમિતિનું કામ ફીનું નિયમન કરવાનું છે. જો કોઈપણ કોલેજ તેના ખર્ચના પ્રમાણમાં વધુ ફી વસૂલતી હોય તો તે કોલેજની આવક અને ખર્ચના હિસાબો જોઈને તેના પર નિયંત્રણ કરવામાં આવશે.

## ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન આપવાની માંગ પ્રબળ બની

અમદાવાદ

ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન આપવાની માંગ રાજપૂત સમાજમાં પ્રબળ બની છે.

સમાજની આ માંગ ઉપરાંત બીજી અન્ય માંગણીઓને લઈને ગુજરાતમાં ફરી એકવાર રાજપૂત સમાજ એક મંચ પર આવશે. આગામી ૨૦મી તારીખે પોતાના રાજપૂત સમાજ ભવનમાં 'સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા મંચ'નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાત ભરના રજવાડાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

ગત લોકસભાની ચૂંટણીમાં ભાજપના નેતા પુરુષોત્તમ રૂપાલાના નિવેદનને પગલે સમગ્ર રાજપૂત સમાજ રોષે ભરાયો હતો અને તે સમયે રાજપૂત સમાજ દ્વારા અલગ અલગ સંમેલનો અને પ્રદર્શન યોજી વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે હવે ફરી એકવાર રાજપૂત સમાજ એક મંચ પર આવવા જઈ રહ્યો છે. આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ ગોતામાં આવેલા રાજપૂત સમાજ ભવનમાં એક મહા સંમેલન યોજવા જઈ રહ્યું છે. જેમાં ભાવનગરના મહારાજા વિજયરાજસિંહજી ગોહિલ ઉપસ્થિત રહેવાના છે. આ ઉપરાંત સમાજના અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

### રાજકોટના બિલ્ડર લાડાણીન બેનામી વ્યવહારો સામે આવ્યા

## રાજકોટના બિલ્ડરના ૭૦૦ કરોડના બેનામી વ્યવહારોથી ચકચાર મચી

### ૧૦ કરોડ રૂપિયા ભાજપના નેતાના નામે હોવાની ચર્ચા પણ ચાલી છે

### આ નેતાઓએ રોકડમાં વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું

રાજકોટ

રાજકોટમાં એક બિલ્ડરના ૭૦૦ કરોડના બેનામી વ્યવહારો સામે આવતા ચકચાર મચી છે. જેમાં રાજકોટના બિલ્ડર લાડાણીન બેનામી વ્યવહારો સામે આવ્યા છે. આયકર વિભાગની તપાસમાં આ બેનામી વ્યવહારો સામે આવ્યા છે. જેમાં ૧૦ કરોડ રૂપિયા ભાજપના નેતાના નામે હોવાની ચર્ચા પણ ચાલી છે. આ નેતાઓએ રોકડમાં વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે.જેમાં




પોતાના ડ્રાઈવર અને સંગા સંબંધીના નામે રોકાણ કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. તે સિવાય નેતા ૨૦૧૯ થી રોકાણ કરતા હોવાનું પણ કહેવાય છે. તે સિવાય અનેક ડોક્ટરોએ પણ રોકાણ કર્યાની વિગતો સામે આવી છે. આયકર વિભાગ દ્વારા આ અંગે ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. જેમાં ઝૂંપડપટ્ટીની ઓરડીમાંથી દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા હતા.

આયકર વિભાગે કરેલા સર્ચ ઓપરેશનમાં આ દસ્તાવેજો મલી આવ્યા હતા. જેની ચકાસણીમાં ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે.

## તંત્રીની કલમે.................

# સકારાત્મક સંભાવના

ભારતીય રિઝર્વ બેંકનું આકલન છે કે વર્તમાન નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અર્થવ્યવસ્થાનો વૃદ્દ્ધિ દર ૭.૨ ટકા રહી શકે છે, પરંતુ બેંકના ગવર્નર શક્તિકાંત દાસનું માનવું છે કે ભારતની વૃદ્દ્ધિ ક્ષમતા લગભગ ૭.૫ ટકા કે તેનાથી વધારેની છે. વૃદ્દ્ધિ ક્ષમતા દર એ દરને ઈંગિત કરે છે, જે દરથી અર્થવ્યવસ્થામાં ફુગાવાને વધાર્યા વિના લાંબા સમય સુધી વધારો થઈ શકે છે.

આ નાણાંકીય વર્ષની પહેલી ત્રિમાસિક (એપ્રિલ-જૂન)માં વૃદ્દ્ધિ દર થોડો ઓછો રહ્યો, કારણ કે ચૂંટણીને કારણે સરકારી ખર્ચમાં ઘટાડો થયો હતો. ચૂંટણી બાદ સરકારે ફરીથી મોટી પરિયોજનાઓને મજૂર કરવાનો સિલસિલો શરૂ કરી દીધો છે. પોતાના ત્રીજા કાર્યકાળના પહેલા સો દિવસની ઉપલબ્ધિઓનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન મોદીએ રેખાંકિત કર્યું છે કે આ અવધિમાં ત્રણ લાખ કરોડ રૂપિયાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓને લીલી ઝંડી આપવામાં આવી છે. ત્રીજા કાર્યકાળ એટલે કે પાંચ વર્ષોમાં સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૧૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. સાથે જ વિભિન્ન વિકાસ અને કલ્યાણ યોજનાઓનો પ્રારંભ અને વિસ્તાર કરાઈ રહ્યો છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સાથે મેન્યુફેક્ચરિંગ અને સ્વચ્છ ઊર્જા પર પમ ધ્યાન અપાઈ રહ્યું છે. આ પ્રયાસોથી અર્થવ્યવસ્થાને ગતિ મળી રહી છે. જ્યાં કેટલીય અર્થવ્યવસ્થાઓ, જેમાં વિકસિત દેશો પણ સામેલ છે, વધારા માટે સંઘર્ષરત છે તથા અનેક દેશોના વિકાસ દર ઋણાત્મક રહેવાની આશંકાઓ વધતી જાય છે, ત્યાં જ ભારતીય અર્થવ્યવસ્થા સૌથી વધુ દરે વધનારી અર્થવ્યવસ્થા બનેલી છે. વૈશ્વિક સંસ્થાઓએ પણ ભારતની સંભાવનાઓ પર ભરોસો વ્યક્ત કર્યો છે. વર્તમાનમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે તથા એવી સંભાવના છે કે આગામી ત્રણ વર્ષોમાં તે જાપાન અને જર્મનીને પછાડતાં ત્રીજા સ્થાન પર પહોંચી જશે.

નીતિ આયોગના પૂર્વ સીઈઓ અમિતાભ કાંતે રેખાંકિત કર્યું છે કે આગામી દાયકામાં વૈશ્વિક વૃદ્દ્ધિમાં ભારતના ૨૦ ટકા યોગદાન રહેશે. સતત આર્થિક સુધારા, નીતિગત સ્થિરતા અને કારોબારી સુગમતામાં બહેતરી જેવા કારકોએ ભારતીય અર્થવ્યવસ્થાને એક ઠોસ આધાર પ્રદાન કર્યો છે.

આ કારણથી વૈશ્વિક ઉદ્યોગો અને રોકાણકારોનું આકર્ષણ નિરંતર વધતું ગયું છે. અમિતાભ કાંતે યોગ્ય રીતે જ રેખાંકિત કર્યું છે કે આર્થિક વિકાસના વર્તમાન દોર જેવો અવસર ક્યારેક ક્યારેક જ આવે છે. થોડાં વર્ષો પહેલાં સુધી ભારતની ગણતરી એ પાંચ અર્થવ્યવસ્થાઓમાં થતી હતી, જે ગમે ત્યારે ખતરામાં પડી શકે તેવી હતી, પરંતુ આજે દેશ પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં છે. કેટલાંક વર્ષોમા ંવૃદ્દ્ધિ દર વર્તમાન સ્તરથી ઉલ્લેખનીય રૂપે વધારે હોઈ શકે છે.

## શોષણ કરવા બદલ ત્રણ IPS અધિકારીઓને સસ્પેન્ડ

# ગુજરાતી અભિનેત્રી ફસાવનારા આંધ્રના ત્રણ પોલીસ અધિકારી સસ્પેન્ડ

અમદાવાદ

બોલિવૂડ અભિનેત્રી કાદમ્બરી જેઠવાણીનું શોષણ કરવા બદલ ત્રણ IPS અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કાદમ્બરીએ આરોપ લગાવ્યો હતો કે અધિકારીઓએ તેને ડરાવી અને ખોટા આરોપમાં ૪૦ દિવસ સુધી તેની અટકાયત કરી, જે બાદ આંધ્ર પ્રદેશ સરકારે આ મામલે મોટી કાર્યવાહી કરી અને ડીજી રેક્ના અધિકારી સહિત ત્રણ આઈપીએસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા. કાદમ્બરી જેઠવાણીએ તેની સામે શોષણની ફરિયાદ નોંધાવી હતી.

ઓગસ્ટમાં કાદમ્બરી જેઠવાણીએ એનટીઆર પોલીસ કમિશનર એસ.વી. ને પત્ર લખ્યો હતો. અને વિધિવત ફરિયાદ નોંધાવી હતી, જેમાં અભિનેત્રીએ કહ્યું હતું કે વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના નેતા અને ફિલ્મ નિર્માતા વિદ્યાસાગરે ફેબ્રુઆરીમાં તેની વિરુદ્ધ છેતરપિંડી અને ખંડણીનો કેસ દાખલ કર્યો હતો. કાદમ્બરી જેઠવાણીએ આક્ષેપ કર્યો હતો કે વિદ્યાસાગરની સાથે ટોચના પોલીસ અધિકારીઓએ મને અને મારા માતા-પિતાને હેરાન કર્યા, તેમની ધરપકડ કરી અને કોઈપણ પૂર્વ સૂચના વિના મુંબઈથી વિજયવાડા લઈ ગયા.મુંબઈની જેઠવાણીએ જણાવ્યું હતું કે, ‘‘પોલીસે મને અને મારા વૃદ્ધ માતા-પિતાને અપમાનિત કર્યા અને મને ગેરકાયદેસર રીતે અટકાયતમાં લીધી, મારા પરિવારને ૪૦ દિવસથી વધુ સમય સુધી ન્યાયિક કસ્ટડીમાં રહેવાની ફરજ પાડી.’’ ૨૮ વર્ષની કાદમ્બરી જેઠવાણી એક મોડલ અને અભિનેત્રી છે. તેમનો જન્મ અમદાવાદમાં હિન્દુ સિંધી જેઠવાણી પરિવારમાં થયો હતો. તેમના પિતા નરેન્દ્ર કુમાર મર્ચન્ટ નેવી ઓફિસર છે અને માતા આશા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા માં મેનેજર છે.

કાદમ્બરી જેઠવાણીએ તેમનું શિક્ષણ પ્રકાશ હાયર સેકન્ડરી સ્કૂલ, માઉન્ટ કાર્મેલ હાઈ સ્કૂલ અને ઉદગમ સ્કૂલમાંથી મેળવ્યું હતું. આ તમામ અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થાઓ છે. આ ઉપરાંત તેણે ઉચ્ચતર માધ્યમિક પરીક્ષામાં પણ ટોપ કર્યું હતું. ૧૨ વર્ષની ઉંમરે તેણે ભરતનાટ્યમમાં વિશારદનું બિરુદ હાંસલ કર્યું. આ ઉપરાંત કાદમ્બરીએ અમદાવાદની પ્રતિષ્ઠિત NHL મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાંથી MBBSની ડિગ્રી પણ મેળવી છે. ત્યારબાદ તેની માતાની ટ્રાન્સફરને કારણે તેનો પરિવાર મુંબઈ આવ્યો હતો.

સરકારી આદેશ અનુસાર, ભૂતપૂર્વ ગુપ્તચર વડા પી. સીતારામ અંજનેયુલુ (ડાયરેક્ટર જનરલ રેક્), વિજયવાડાના ભૂતપૂર્વ પોલીસ કમિશનર કાંતિ રાણા ટાટા (ઈન્સ્પેક્ટર જનરલ રેક્) અને તત્કાલીન ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (વિજયવાડા) વિશાલ ગુન્ની (પોલીસ અધિક્ષક)ને અભિનેત્રીને ખોટા કેસમાં ફસાવવાના લીધે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## લવ જેહાદનો ખતરનાક કિસ્સો!

# મોટો ખુલાસો! ૧૪ નહીં, ૧૦૦થી વધુ યુવતીઓને ટાર્ગેટ કરી હતી

અમદાવાદ

લવ જેહાદ કેસમાં પકડાયેલા આરોપી શહેબાઝખાનની તપાસમાં દિવસેને દિવસે ચોંકાવનારા ખુલાસાઓ થઈ રહ્યા છે. આરોપીએ મેટ્રીમોનિયલ સાઈટ પર ૧૦૦થી વધુ યુવતીઓને ટ્રાગેટ કરવા માટે સંપર્ક કર્યો હતો. રેલવે પોલીસે ૪ રાજ્યોમાં ટીમો મોકલીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

અમદાવાદમાં રેલવે પોલીસે પકડેલા આરોપી મોહમ્મદ શહેબાઝ ખાન વિરુદ્ધ વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં આરોપી શહેબાઝએ પોતાની ઓળખ છૂપાવીને હિન્દુ નામ હર્ષિત ચૌધરી દર્શાવી અનેક હિન્દુ યુવતીઓને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું છે. આરોપી શહેબાઝ પાસે મળી આવેલ બનાવટી આધારકાર્ડની તપાસ કરતા રાજસ્થાનના ભરતપુરનો રહેવાસી હર્ષિત જાદોણ નામના વ્યક્તિનું આધાર કાર્ડ હોવાનુ ખુલ્યું છે. જેથી હર્ષિતએ શહેબાઝ વિરુદ્ધ રેલવે પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો અને બે વર્ષ પહેલા હર્ષિતભાઈનું આધારકાર્ડની ફોટોકોપી ખોવાઈ ગઈ હતું તે સમયે શહેબાઝ હાથે લાગતાં તેણે છેડછાડ કરી બોગસ આધાર કાર્ડ બનાવ્યું હતું.

આરોપી શહેબાઝ મોબાઈલ નંબર ઉપયોગ કરે છે જે જમ્મુ કાશ્મીરનું હોવાનું સામે આવ્યું છે જેથી રેલવે પોલીસએ જમ્મુ કશ્મીર સીમકાર્ડ ખરીદી કરી ત્યાં દુકાનદારનું સ્ટેટમેન્ટ લીધું છે સાથે જ રેલવે પોલીસે આરોપીનાં ઘરેથી લેપટોપ કબજે કર્યું છે. જોકે આરોપીની પૂછપરછ લેપટોપ તૂટી ગયું ભંગારમાં આપ્યું હોવાનું જણાવ્યું હતું. હાલ રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, દિલ્હી અને અલીગઢમા રેલવે પોલીસની ટીમ મોકલી આરોપીની વધુ તપાસ શરૂ કરી.

માસ્ટરમાઈન્ડ આરોપી શહેબાઝખાને શાદી ડોટ કોમ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેની વિગતમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે. પૈસાનો લાલચુ અને હવસખોર આરોપી શહેબાઝ ખાનએ વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધી શાદી ડોટ કોમ સાઈટ પર ૧૦૦થી વધુ યુવતીઓને ટાર્ગેટ કરી સંપર્કમાં હોવાનો ઘટસ્ફોટ થયો છે. જે પૈકી ૪૦ જેટલી યુવતીઓને શાદી ડોટ કોમ વેબ સાઈડ પરથી મેસેજ કરી ચેટ કરી હોવાના પુરાવા મળી આવ્યા છે. આરોપી શહેબાઝખાનએ હિન્દુ નામ હર્ષિત ચૌધરી નામે ૧૫ થી વધુ હિન્દુ યુવતી સાથે પ્રેમ સબંધ બાંધી દુષ્કર્મ આચર્યુ છે. જે તમામ મહિલાઓને ફરિયાદ કરવા રેલવે પોલીસ અપીલ કરી રહી છે.

રેલવે પોલીસની એક ટીમે દિલ્હીમાં તપાસ શરૂ કરી છે. કારણ કે આરોપી શહેબાઝ એક યુવતીને દિલ્હી આર્મી ગેસ્ટ હાઉસમાં લઈને દુષ્કર્મ આચર્યું હતું. જેથી શહેબાઝ આર્મીમાં કોન્સ્ટેબલ તરીકે સસ્પેન્ડ થયેલ હોવા છતાં મેજર તરીકેની ઓળખ આપી અને મેજરનું યુનિફોર્મ પહેરીને ફરતો હતો.

જે યુનિફોર્મ સહિત જરૂરી ડિજિટલ પુરાવા પોલીસે કબજે કર્યા છે સાથે જ આરોપી શહેબાઝનાં વધુ ૩ દિવસના રિમાન્ડ મળ્યા છે. જેથી રેલવે પોલીસે અલગ અલગ રાજ્યોમાં ટીમ મોકલી વધુ તપાસ શરૂ કરી છે. ત્યારે આ તપાસમાં વધુ શું મહત્ત્વની માહિતી બહાર આવે છે એ જોવું રહ્યું.

# દહેજની કંપનીમાં ૨૧ દિવસમાં ધુમાડા સાથે આગની બીજી ઘટના

અંકલેશ્વર

દહેજ જીઆઈડીસીમાં આવેલી ઓર્ગેનિક્સ ઈન્ડિયા કંપનીમાં મંગળવારે વિસર્જનના દિવસે જ ધુમાડા સાથે આગની ઘટના ઘટતા દોડધામ મચી હતી. આગના ધુમાડા આકાશમાં દૂર દૂર સુધી દેખાતા ભયનો માહોલ ફેલાયો હતો.

ગત ૨૭ ઓગસ્ટના રોજ પણ આ જ કંપનીમાં પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. જેમાં ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી દેખાવા સાથે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. આજે ભભૂકી ઉઠેલી આગ અને ધુમાડામાં ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ કંપનીની આંતરિક ફાયર સિસ્ટમ દ્વારા આગ પર ગણતરીના સમયમાં કાબુ મેળવી લેવાયો હતો.

આગના પગલે આ વખતે પણ કોઈ જાનહાનિ સર્જાઈ નથી. જોકે આગ ક્યાં કારણોસર લાગી તેનું કારણ પણ બહાર આવ્યું નથી. હાલ તો ઈન્ડસ્ટ્રીયલ સેફટી અને જીપીસીબીએ આગના કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે. માત્ર ૨૧ દિવસમાં જ આ કંપનીમાં આગની બીજી ઘટનાને લઈ સુરક્ષા સલામતી સામે પણ સવાલો ઉઠ્યા છે.

### ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ છાશવારે બની રહી છે

# ધોળકામાં પોલીસના ઘરે જ ચોરી થતા પોલીસ દોડતી થઈ

## પોલીસ કર્મીના ઘરમાંથી ત્રણેક લાખના દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતાં ધોળકા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે

અમદાવાદ

ગ્રામ્યમાં ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ છાશવારે બની રહી છે. સામાન્ય લોકોના ઘરમાંથી કે દુકાનમાંથી લાખો રૂપિયાની મતા ચોરી થતી હોય તેવા બનાવો રોજબરોજ બનતા રહે છે. લોકો પોતાના સમસ્યાના નિવારણ માટે કાનૂનની મદદ લેતા હોય છે. પરંતુ જ્યારે કાનૂનના રક્ષકને જ તેનો સહારો લેવો પડે ત્યારે? ત્યારે આવી જ ઘટના ધોળકામાંથી સામે આવી છે. અમદાવાદ ગ્રામ્યના ધોળકામાં ડીવાયએસપીના કમાન્ડોના ઘરમાં જ ચોરી થયાની ઘટના બની છે. પોલીસ કર્મીના ઘરમાંથી ત્રણેક લાખના દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ જતાં ધોળકા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બનાવની વિગતો જોઈએ તો, ધોળકા કલીકુંડ રોડ પર આવેલી દેવવાટીકા સોસાયટીમાં રહેતા જયશ્રીબેન વાઘેલા શિક્ષક છે. તેમના પતિ વિજયસિંહ ગુજરાત પોલીસમાં ફરજ બજાવે છે. વિજયસિંહ ગ્રામ્યના ધોળકા ડીવાયએસપી પ્રકાશ પ્રજાપતિના કમાન્ડો તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૨ સપ્ટેમ્બરે તેમના પરિવારને પ્રસંગમાં જવાનું હોવાથી સોનાના દાગીના કબાટમાંથી કાઢીને ડ્રેસિંગ ટેબલના ખાનામાં મૂક્યા હતા. થોડા દિવસો બાદ સોનાનો હાર, વીંટી, બુટ્ટી અને શેરો સહિતના ત્રણેક લાખની મતાના કુલ છ તોલા દાગીના ચોરી થયા હતા. આ દિવસોમાં તેમના ઘરે ફર્નિચરનું કામ ચાલતું હોવાથી કામ કરવા આવનાર અને હેલ્પરની પણ પૂછપરછ કરી હતી. જોકે તે લોકોએ દાગીના જોયા ન હોવાની કબૂલાત કરી હતી. જેથી જયશ્રીબેન અને તેમના પતિએ ઘરમાં તપાસ કરવા છતાંય દાગીના ન મળી આવતા આ મામલે પોલીસને જાણ કરી હતી. આ મામલે ધોળકા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સૌથી મોટો સવાલ એ છે કે આ ગેંગ કંઈ છે અને કેટલા સમયથી અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં ચોરીની ઘટનાને અંજામ આપી રહી છે. હાલ એલસીબી સહિત અન્ય પોલીસ ટીમ દ્વારા ગેંગને પકડવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને પોલીસને શંકા છે કે આરોપીઓની ધરપકડ બાદ અન્ય ગુનાઓના ભેદ પણ ઉકેલાઈ શકે તેમ છે.

### ગમખ્વાર અકસ્માતમાં માતા-પુત્રનું થયું મૃત્યુ

# ઈડર ખેડબ્રહ્મા હાઈવે રોડ પર ગોઝારો અકસ્માત સર્જાયો

સાબકાંઠા

રાજયમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર મહારાણા પ્રતાપ સર્કલ નજીક બેફામ ટ્રકના ચાલકે બાઈક પર જતા પરિવારને અડફેટે લીધો હતો. જેમાં ટ્રકની ટક્કરે માતા-પુત્રનું કરૂણ મૃત્યુ થયું છે. જ્યારે પતિ ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. ઈડર પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

સાબરકાંઠાના ઈડર ખેડબ્રહ્મા હાઈવે પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતની ઘટના બની છે. સાબરકાંઠાના મહારાણા પ્રતાપ સર્કલ નજીક ટ્રક ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. જે બાદ બાઈક સવાર માતા-પુત્રનું મૃત્યુ નિપજ્યું છે. જ્યારે બાઈક ચાલકને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ટ્રક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઈ ગયો છે. ઈડર પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે. ઘટના સ્થળે લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા જેને પગલે સ્ટેટ હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો. મહારાણા પ્રતાપ સર્કલ નજીક સર્જાયેલા ગંભીર અકસ્માતમાં પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરતાં ઘાયલ વ્યક્તિને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડયો. જ્યારે અકસ્માતની ઘટનામાં મૃત્યુ પામનાર ૨ મૃતકોના મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી. ઘટનાસ્થળ પર હાજર કેટલાક લોકોનું કહેવું છે કે ટ્રક ચાલકે સ્ટેરીંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત બનવા પામ્યો હતો. હાઈવે પર બાઈક પર પતિ પત્ની અને એક બાળક સવાર હતા. હાઈવે પર પસાર થતા બાઈક ચાલક સાથે ટ્રક ચાલકની ટક્કર થતા ગંભીર અકસ્માત સર્જાયો. ટ્રક ચાલક અકસ્માત સર્જી ઘટના સ્થળેથી ફરાર થયો. આ ઘટનામાં માતા પુત્રનું કરુણ મૃત્યુ નિપજયું જ્યારે પતિનો આબાદ બચાવ થયો. માતા પુત્રનું મોત નીપજતા આખા પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# કાનમેર ગામે તળાવમાં ડૂબતાં યુવતી અને કિશોરના મોત

ગાંધીધામ : રાપરનાં કાનમેરમાં કપડા ધોતી વખતે કરુણ ઘટના બની છે. જેમાં કપડાં ધોતી વખતે પથ્થર પર પગ લપસી જતા યુવતી તળાવમાં પડી ગઈ હતી. જેને બચાવવાં જતા ૬ જેટલા બાળકો તળાવમાં પડી જતા ડૂબવા લાગ્યા હતા. જેમાં તળાવ નજીક ખાણમાં કામ કરતા મજૂરોએ પાંચ બાળકોને બચાવી લીધા હતા. જ્યારે યુવતી અને કિશોરને ન બચાવી શકતા યુવતી અને કિશોરનું ડૂબી જતા મોત નીપજ્યું હતું. રાપરનાં કાનમેરમાં કપડા ધોવા જતા ગત મંગળવારે બપોરનાં ૩ વાગ્યાનાં અરશામાં બનાવ બન્યો હતો. જેમાં કાનમેરની સીમમાં આવેલી તળાવનાં ગામમાં જ રહેતી મહિલાઓ પોતાના બાળકો સાથે ગામના તળાવમાં કપડા ધોવા ગઈ હતી. દરમિયાનમાં કપડાં ધોતી વખતે પથ્થર પર પગ લપસી જતા ૨૦ વર્ષીય સેનાજ સુલેમાન ધુના તળાવનાં પાણીમાં પડી ગઈ હતી. જેમાં તેને બચાવવાં માટે તેમની સાથે કપડાં ધોતી કેટલીક મહિલાઓ અને બાળકો સાથે ૧૬ વર્ષીય ફારૂકભાઈ હબીબભાઈ ધુના તળાવમાં ઉતરી ગયા હતા. જેમાં સેનાઝને બચાવવા જતા પોતે પણ ડૂબવા લાગ્યા હતા. જે બનાવનાં પગલે રાડા રાડ થતા તળાવની નજીકમાં આવેલી પાયણાની ખાણમાં કામ કરતા મજૂરો ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા.

# બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા





બેટ દ્વારકા

ગુજરાતનો દરિયા કિનારો ધીમે ધીમે નસીલા પદાર્થોની હેરાફેરી કરતું હબ બની જવા પામ્યું છે. છેલ્લા ઘણાં દિવસોથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી માદક પદાર્થોનો જથ્થો મળી આવ્યો છે. ત્યારે બેટ દ્વારકામાં પૂર્વ કાંઠા વિસ્તારનાં દરિયા કિનારેથી ચરસના ૨ પેકેટો મળી આવ્યા હતા. જેની કિંમત અંદાજે ૯૩.૩૦ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યુ છે.

મળતી માહિતી અનુસાર, દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકાના દરિયા કાંઠે સોમવારે શંકાસ્પદ પેકેટ પડ્યા હોવાની માહિતી મળતા પોલીસે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસ તપાસમાં આ પેકેટમાં હાઈ ક્વોલિટીનો ચરસ હોવાનું જાહેર થયું છે. જેનું વજન ૮૬૬ ગ્રામ હોવાનું ખુલવા પામ્યું છે. આ મામલે બેટ દ્વારકા પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે. જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગ્સ માફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે.

# બોપલમાં હિટ એન્ડ રન, વધુ એક તથ્યએ સિક્યોરિટી ગાર્ડને કચડ્યો



અમદાવાદ

બોપલમાં વધુ એક તથ્યકાંડ સર્જાયો છે. માલેતુજારના દીકરાએ રસ્તા પસાર થતાં સિક્યોરિટી ગાર્ડને તેની મર્સીડીઝ નીચે કચડી નાખ્યો છે. સિક્યોરિટી ગાર્ડ માટે મર્સીડીઝ જાણે યમદૂત બનીને આવી છે.

અમવાદના કરોડપતિ પરિવારના માતાપિતા પોતાના સંતાનોને મોંઘીદાટ લક્ઝુરિયસ ગાડીઓ જાણે અકસ્માત કરવા આપતા હોય તેવું લાગી રહ્યું છે. અમદાવાદમાં આવા નબીરાઓ માતેલા સાંઢની જેમ ગાડી હંકારીને નિર્દોષોનો જીવ લઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં ફરી એકવાર હિટ એન્ડ રનની ઘટના બની છે. માલેતુજાર પરિવારના સગીર દીકરાએ સિક્યુરિટી ગાર્ડનો જીવ લીધો છે. અમદાવાદના બોપલમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. એક બિલ્ડરના સગીર પુત્રએ અકસ્માત સર્જ્યો હોવાનો ખુલાસો થયો છે. સગીર કાર ચાલકે સિક્યુરિટી ગાર્ડને અડફેટે લીધો હતો. જેમાં સિક્યુરિટી ગાર્ડનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. ૧૪ સપ્ટેમ્બરની રાત્રે અકસ્માત સર્જાયો હતો.

જેમાં નામી બિલ્ડર મિલાપ શાહના પુત્રએ અકસ્માત સર્જ્યો હોવાનો ખુલાસો થયો છે.

અમદાવાદના બોપલ વિસ્તારમાં બિલ્ડરના સગીર પુત્રએ અકસ્માત કર્યો હોવાનું ખૂલ્યું છે.

સગીર કાર ચાલકે સિક્યુરિટી ગાર્ડને અડફેટે લેતા મોત થયું હતુ. ૧૪ સપ્ટેમ્બરના રોજ મર્સિડીઝ કાર ચાલકે અડફેટે લીધો હતો. હિટ એન્ડ રનની તપાસમાં કાર એક બિલ્ડર મિલાપ શાહની હોવાનું ખુલ્યું છે. બિલ્ડર મિલાપકુમાર શાહના સગીર પુત્રએ પૂરઝડપે કાર ચલાવીને રોડ ક્રોસ કરી રહેલા સિક્યુરિટી ગાર્ડને ટક્કર મારી હતી.

સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ

# વકીલને લાત મારવાના કેસમાં PI ને ૩ લાખનો દંડ

## એકને માફ કરીશું તો ૧૦ પોલીસવાળા આવું વર્તન કરશે : હાઈકોર્ટ

સુરત

થોડા સમય અગાઉ સુરત પોલીસનો એક વીડિયો ખુબ વાયરલ થયો હતો. જેમાં એક પોલીસ ઈન્સપેક્ટર એક વકીલને લાત મારતા હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. જેને કારણે ખુબ મોટો વિવાદ થયો હતો. પોલીસને આપણે રક્ષક કહીએ છીએ. પોલીસ આપણી રક્ષા માટે હોય છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કામ પોલીસનું હોય છે. પણ પોલીસ જ જ્યારે કાયદાની એસીતેસી કરે ત્યારે શું કહેવું...કંઈક આવી જ ઘટના થોડા સમય પહેલાં સુરતમાં જોવા મળી હતી.જાણો શું હતો મામલો.

આ ઘટના છે સુરત શહેરની. સુરતના ડિંડોલી પોલીસ સ્ટેશનના પી.આઇ. એચ.જે સોલંકીએ આ વિસ્તારમાં જ રાત્રીના સમયે પોતાના મિત્રો સાથે બેસેલા એડવોકેટ હિરેન નાઇને લાત મારી હતી. જેના સીસી ટીવી ફુટેજ વાયરલ થયા હતા. આ સાથે જ એટ્રોસિટી થાય તેવા અપશબ્દો બોલ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ બાદમાં વાયરલ થયો હતો.

વકીલ એમના મિત્રો સાથે બેઠાં હતા ત્યારે પીઆઇએ ત્યાં આવીને એમને લાત મારી હતી...બાદમાં આ સમગ્ર મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. જેમાં કોર્ટે પોલીસને સબક શિખવાડ્યો છે. આ મામલે કોર્ટ દ્વારા પી.આઇ.ના આ કરતુત સામે કડક પગલા લઇને તેમને ૩ લાખ રૂપિયાનો દંડ કર્યો છે. આ સાથે જ હાઈકોર્ટના જજે એવી ટિપ્પણી કરી કે એક લાત કેટલી મોંઘી છે તે પીઆઈને યાદ રહેવું જોઈએ. પોલીસ કાલે મને પણ કારણ વિના લાત મારી શકે છે. એડવોકેટ હિરેન નાઈ પીઆઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવા ગયા ત્યારે પોલીસ અધિકારીઓ ફરિયાદ લેવાનો ઈનકાર કર્યો હતો. આથી એડવોકેટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. દલીલ બાદ હાઈકોર્ટે આ કેસમાં પીઆઈ એચ.જે. સોલંકીને ૩ લાખનો દંડ ફટકાર્યો છે. કોર્ટે આંકરી ટીપ્પણી કરતા શું કહ્યું પીઆઇને આજીવન યાદ રહેવું જોઇએ કે કોઈ પણ કારણ વિના નિર્દોષ લોકો પર હાથ ઉપાડવો કે લાત મારવી કેટલી મોંઘી પડી શકે છે. ભવિષ્યમાં પણ તેને કોઈ માણસ પર હાથ કે પગ ઉપાડતા લાતના દંડ યાદ આવશે. પોલીસ ભલે દબાણમાં કામ કરે છે પરંતુ તેનો મતલબ સત્તાનો દુરુપોયગ કરવાની છૂટ નથી.

ફૂટેજમાં જોઈ શકાય છે કે પોતાને હીરો સમજતા પીઆઈ જીપમાંથી કૂદી સીધા જ નિર્દોષ વ્યક્તિને લાત મારે છે. દેખતો પુરાવો



છે. પોતાને હીરો સમજતા પીઆઈને ક્યારેય માફ કરી શકાય નહીં. પીઆઈએ સત્તાનો દુરુપયોગ કર્યો છે. પીઆઈએ વકીલને નાર્કોટિક્સના ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપી હતી. તેને માફ કરી શકાય નહીં.

પીઆઈએ ન્યાયતંત્ર વિશે પણ જાહેરમાં અશોભનીય શબ્દો કહ્યા હોવાની કોર્ટમાં રજૂઆત થઈ હતી. આ મામલે કોર્ટે ટકોર કરી હતી કે આવા પોલીસ અધિકારીઓ સામે સરકાર પગલાં કેમ લેતી નથી? હાઈકોર્ટના જજ નિર્ઝર દેસાઈએ ચાલુ સુનાવણી દરમિયાન જ ઉચ્ચ પોલીસ અધિકારી પાસે પીઆઈ સામે શું પગલાં લેશો તે અંગે માહિતી મંગાવી હતી. ફરિયાદી એડવોકેટે કોર્ટને ઘટના સમયના સીસીટીવી ફૂટેજ બતાવ્યા હતા, જે જોઈ કોર્ટ ગુસ્સે ભરાઈ હતી. ભરી કોર્ટમાં જજે પીઆઈને ખખડાવતા કહ્યું હતું કે, શું વર્દી પહેરીને ફરો છો એટલે કોઈને પણ ગુના વિના મારવાના?, પૂછપરછ વિના કોઈને મારી કેવી રીતે શકાય?, કોઈ સાચો આરોપી હોય તો પણ પૂછપરછ વિના લાત મારી શકાય નહીં. પોલીસ દમનને અટકાવાશે નહીં તો કાલે પોલીસ મને પણ લાત મારી શકે છે. કોર્ટે કહ્યું પોતાને હીરો સમજતા પીઆઈને માફ કરી શકાય નહીં.

એક વ્યક્તિનું મોત નિપજ્યું

# ત્રંબા ત્રિવેણી સંગમ ખાતે ગણેશ વિસર્જન દરમિયાન ૪ લોકો ડૂબ્યા

## મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા, ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા

રાજકોટ

રાજકોટ ભાવનગર હાઈવે પર ત્રંબા ગામ નજીક ગણેશ વિસર્જન કરવા આવેલા ત્રિવેણી નદીમાં ૪ લોકો ડૂબ્યા હતા. જેમાં ગામ લોકો દ્વારા તેમને બચાવવામાં આવ્યા હતા. ત્રણ લોકોને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા છે. ગામના તરવૈયા યુવાનો દ્વારા ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. એકની હાલત ગંભીર હોવાથી તેને ૧૦૮માં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. તેનુ સારવાર દરમિયાન મોત થયું છે. મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. રાજકોટમાં આઠ સ્થળો પર ૫ હજારથી વધુ ગણેશ મૂર્તિનું આજે વિસર્જન કરવામાં આવ્યું છે. લોકોને તેમના હાથે વિસર્જન નહીં કરવા દેવાય, ફાયર સ્ટાફને મૂર્તિ સોંપી દેવાની રહેશે. અકસ્માત અટકાવવા રેસ્ક્યૂ બોટ-એમ્બ્યુલન્સ રાખવામાં આવી હતી.

ભાવિકોએ વાજતે ગાજતે ઘરોમાં અને શેરીએ શેરીએ ગણેશજીની સ્થાપના કર્યા બાદ હવે વિઘ્નહર્તાની ભાવભેર વિદાય આપી રહ્યા છે. રાજકોટમાં નાની-મોટી આશરે ૫ હજારથી વધુ ગણેશ મૂર્તિઓનું આજે જુદા જુદા ૮ સ્થળે વિસર્જન કરવાની વ્યવસ્થા મનપા દ્વારા કરવામાં આવી છે. રાજ્યમાં ગણપતિ વિસર્જન દરમિયાન અત્યાર સુધીમાં ઘણા અકસ્માતમાં લોકોના મૃત્યુ થયા છે ત્યારે સાવચેતીના ભાગરૂપે અકસ્માત અટકાવવા માટે રાજકોટમાં પણ જુદા જુદા ૮સ્થળે રેસ્ક્યૂ બોટ અને એમ્બ્યુલન્સ રાખવામાં આવી છે. આ ઉપરાંત આકસ્મિક સંજોગો માટે ફાયર સ્ટાફ, પોલીસ બંદોબસ્ત અને ડોક્ટરને પણ સ્ટેન્ડ ટુ રાખવામાં આવનાર છે. મનપાએ નક્કી કરેલા ૮ સ્થળએ લોકોને તેમના હાથે ગણપતિની મૂર્તિ વિસર્જન નહીં કરવા દેવાય, પરંતુ ભાવિકોએ ફાયર સ્ટાફને મૂર્તિ સોંપી દેવાની રહેશે તેઓ વિસર્જન કરશે. પાણીની નજીક કોઇપણ વ્યક્તિને જવા દેવામાં આવશે નહીં તેના માટે બેરિકેડ પણ રાખવામાં આવ્યા છે. મનપા દ્વારા જણાવાયું હતું કે, ૮ સ્થળોએ ગણેશજીની પ્રતિમાઓના વિસર્જન માટે ફાયર શાખા દ્વારા સલામતીની દૃષ્ટિએ ૮ સ્થળે ક્રેન, રેસ્ક્યૂ બોટ, એમ્બ્યુલન્સ અને લાઇફ બોયા, લાઇફ જેકેટ સાથે સ્ટેશન ઓફિસર, લીડિંગ ફાયરમેન, ફાયરમેન સહિત વ્યક્તિઓનો સ્ટાફ સવારે ૭ વાગ્યાથી રખાશે. દરેક સ્થળે બેરિકેડ લગાવી ફાયર શાખા દ્વારા વિસર્જન કરવામાં આવશે. લોકોને તેમના હાથે વિસર્જન કરવા દેવામા આવશે નહીં. વિસર્જન સ્થળ પર મૂર્તિ પધરાવવાની થાય ત્યારે સ્થળ પર પહોંચ્યા બાદ ફાયર સ્ટાફને મૂર્તિ સોંપી દેવાની રહેશે. મનપા દ્વારા જાહેર કરવામાં આવેલા આઠ સ્થળ સિવાયના અન્ય કોઈ સ્થળે ગણેશ વિસર્જન નહીં કરવા અનુરોધ કરાયો છે.

# જૂનાગઢમાં ૧૨ ચોપડી ભણેલો ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

જૂનાગઢ

કોઈપણ વ્યક્તિ પોતાના આરોગ્ય પ્રત્યે ખૂબ જ જાગૃત રહે છે. સ્વસ્થ રહેવા માટે સમયાંતરે તબીબોની સલાહ અને સૂચન મેળવતા છે. લોકોની આ પ્રકારની આરોગ્ય પ્રત્યેની કાળજીને કેટલાક ઉઘાડપગા નકલી તબીબો પોતાનો ધંધો કરવાનો એક માધ્યમ બનાવી રહ્યા છે.

પોલીસ અને વહીવટી તંત્ર આવા નકલી અને ઉઘાડપગા તબીબોને પકડી પાડીને તેમના કારસ્તાનો ખુલ્લા કરી રહી છે. જૂનાગઢ નજીક આવેલા પલાસવા ગામમાં જૂનાગઢના માશુમસા પીરની દરગાહ નજીક ઘાંચી વાળામાં રહેતા ઈન્દ્રીશ ઘાંચીને લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાના આરોપ હેઠળ પકડી પાડવામાં આવ્યો છે. પલાસવા ગામમાં આવેલા મેલડી માતાના મંદિર નજીક ભાડાની દુકાન કરીને આરોપી પોતાની જાતને તબીબ તરીકે ઓળખ આપીને ગામડામાં રહેતા લોકોને તબીબી સેવા આપી તેમના આરોગ્ય સાથે ચેડા કરતો હતો. આ મામલે આરોપીને જૂનાગઢ પોલીસે પકડી પાડી કાર્યવાહી કરી છે.

પોતાની જાતને તબીબ તરીકે ઓળખાવી ઈન્દ્રીશ ઘાંચી ભાડાના દવાખાનામાં એલોપેથી તબીબ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યો હતો. તપાસ દરમિયાન એન્ટિબાયોટિક અને સ્ટેરોઈડ જેવી ખૂબ જ ગંભીર ગણી શકાય તે પ્રકારની દવાનો જથ્થો જૂનાગઢ પોલીસે ઝડપી પાડ્યો છે. સામાન્ય રીતે એન્ટિબાયોટિક, સ્ટીરોઇડ અને એલોપેથિક દવા ખૂબ જ અનુભવી તબીબો દ્વારા ચોક્કસ રોગના પ્રકારના રોગમાં કેટલી જરૂરિયાત છે તે મુજબ દર્દીની તમામ ચકાસણી કર્યા બાદ આપવામાં આવતી હોય છે.

માત્ર ૧૨ ચોપડી ભણેલો ઈન્દ્રીશ ઘાંચી ખૂબ જ ગંભીર પ્રકારની દવાઓ કે જેમાં એન્ટિબાયોટિક અને સ્ટીરોઈડનો સમાવેશ થાય છે, તે દર્દીઓને આપીને તેના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતા પકડાયો છે. જેની વિરુદ્ધ જૂનાગઢ પોલીસે ભારતીય તબીબી પ્રેક્ટિસ એક્ટની અલગ અલગ કલમો અન્વયે લોકોના આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડા કરવાની સાથે તે પોતે તબીબ ન હોવા છતાં પણ તબીબની ઓળખ આપીને દવાખાનું ખોલવાના કિસ્સામાં ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL